

ભક્તિભાવપૂર્ણ પોથીયાત્રા - સમદર્શન પરિવાર દ્વારા તા. ૧૫ મી ડિસેમ્બર, રવિવારથી સમદર્શન આશ્રમ, સેક્ટર-૧ ખાતે યોજાઈ રહેલી પૂ.ગુરુમા સમાનંદ સરસ્વતીજીની શ્રીમદ્ભાગવત કથાની પોથીયાત્રા આજે સેક્ટર-૨/એ માં શ્રી પરિતોષભાઈ શુક્લના નિવાસ સ્થાનેથી નિકળી હતી. પરમ પૂજ્ય ગુરુમાએ પોથી પૂજન કરીને યાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. બેન્ડ-વાજા સાથે નિકળેલી ભવ્ય પોથીયાત્રામાં ૨૦ બહેનોએ મસ્તક પર પવિત્ર જ્વારા ધારણ કર્યા હતા. સાથે શ્રી કિરીટભાઈ અધ્વર્યુ પરિવાર અને શ્રી કિરણભાઈ કનાડીયા પરિવારના સભ્યોએ પોથી ધારણ કરી હતી. પોથીયાત્રામાં જોડાયેલ સહુ કોઈ પ્રેમપૂર્વક પોથી ધરીને યાત્રામાં જોડાયા હતા. ગાંધીનગર રાજપૂત સમાજ પરિવારની દીકરીઓએ પોથીયાત્રા દરમિયાન તલવાર રાસ કર્યો હતો. સાફો ધારણ કરેલી દીકરીઓએ પોથીયાત્રાની શોભા વધારીને અનેરું આકર્ષણ ઉભું કર્યું હતું.

# શહેરના 'ઘ' અને 'ચ' માર્ગ પર કેસરી અને પીળા ફુલો નિખર્યા

**વન આરક્ષિત જગ્યામાં વનતંત્રએ કલરકોડ પ્રમાણે ૧૪૯૩૨ રોપાઓની વાવણી કરી હતી : ૮૫ ટકા વાવેતર સફળ**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર શહેરને હરિયાળુ બનાવવા માટે વનતંત્ર દ્વારા વરસાદી દિવસો દરમિયાન રોપાઓની વાવણી કરવામાં આવે છે. આ માટે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં જ ખાડાઓ ખોદી નાંખવામાં આવે છે. જયારે વરસાદી દિવસો શરૂ થતા જ નવા રોપાઓની વાવણી કરી દેવામાં આવે છે. શહેરમાં મુખ્ય ઘ અને ચ માર્ગ પર કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી કરવામાં આવી છે. નગરના ઘ અને ચ માર્ગ આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં અંદાજિત ૧૪૩૯૨ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જેમાં સુશોભિત ફુલો નિખરે તે માટે હીમાલયા,લાલ એકઝોરા,લાલ ઘાસ, કરેણ સહીતના રોપાઓની વાવણી કરાઈ હતી જયારે આ વાવેતરના અંતે નગરના મુખ્યમાર્ગો આસપાસ હાલ રંગબેરંગી ફુલો નિખરતા નજરે પડે છે. વનતંત્ર દ્વારા કરવામાં આવેલા વાવેતર પૈકી હાલ ૮૫ ટકા વાવેતર જીવંત છે.

નગરના મુખ્યમાર્ગો આસપાસ હાલ કેસરી અને પીળા રંગના ફુલો નિખરતા જોવા મળી રહ્યા છે. શહેરના માર્ગો આસપાસ રંગબેરંગી ફુલો નિખરતા નગરના મુખ્ય માર્ગો પરનો નઝારો બદલાયો છે. નગરના જ માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં પણ પામ ટ્રીના રોપાઓની વાવણીના અંતે હાલ નવો નિખાર જોવા મળી રહ્યો છે.

મુખ્યમાર્ગો આસપાસ રંગબેરંગી ફુલો નિખરી રહ્યા છે ત્યારે વન આરક્ષિત વિસ્તારમાંથી દબાણો અને ગંદકી દુર કરવા માટે પણ યોગ્ય પગલા લેવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. શહેરના સેકટરોમાં રહેણાંક વિસ્તાર નજીક સ્થિત વન આરક્ષિત જગ્યામાં ઝુંપડાઓના દબાણોનો અડ્ડો જોવા મળી રહ્યો છે.જેના લીધે સ્થાનિક રહીશોને પણ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

# અમૂલ દૂધમાં લીટરે રૂ. ૨નો વધારો

ગાંધીનગર, તા. ૧૪

અમુલ ડેરી દ્વારા દૂધના ભાવમાં લીટરે રૂ. ૨ નો ભાવ-વધારો તાત્કાલિક અસરથી અમલી બનાવવાનો નિર્ણય કરતાં લોકોને મોંઘવારીમાં વધુ માર પડ્યો છે.

કરાયેલ આ ભાવ વધારાને કારણે અમુલ ગોલ્ડનો ૫૦૦ ગ્રામનો નવો ભાવ રૂ. ૨૮ તાજા ૫૦૦ ગ્રામનો નવો ભાવ રૂ. ૨૨ અને અમુલ શક્તિમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. ગાયના દૂધમાં પણ ૫૦૦ ગ્રામ પર રૂ. ૧ નો વધારો કરવામાં આવ્યો છે.

ભાવ-વધારા પછી મધુર ડેરીએ દૂધના ઉત્પાદન એવા છાશના મૂલ્યમાં કોઈ વધારો કર્યો નથી તેમ જણાવ્યુ છે. ગાંધીનગર શહેર જિલ્લામાં દૈનિક ૨ લાખ ૪૦ હજાર લીટર દૂધનું વેચાણ થાય છે.

મધુર ડેરીએ દાવો કર્યો છે કે તે પશુપાલકોને ફેટનો ભાવ રૂ. ૭૫૦ લેખે ચુકવે છે જે રાજ્યમાં અન્ય ડેરીઓની તુલનામાં વધુ છે.

મળતી વિગતો પ્રમાણે દૂધના ભાવમાં વધારો કરવાની વિચારણા આમ તો છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી હતી પરંતુ આજે આ અંગેનો નિર્ણય લઈ

● અનુસંધાન પાન-૭ પર

| પ્રકાર | મીલી લીટર | હાલની ભાવ | નવો ભાવ |
|---|---|---|---|
| અમૂલ ભેંસનું દૂધ | ૫૦૦ મિલી | ૨૮ | ૨૯ |
| અમૂલ ગોલ્ડ | ૫૦૦ | ૨૭ | ૨૮ |
| અમૂલ શક્તિ | ૫૦૦ મીલી | ૨૫ | કોઈ ફેરફાર નહીં |
| અમૂલ ટી-સ્પેશ્યલ | ૧ લીટર | ૫૦ | ૫૧ |
| અમૂલ ગાયનું દૂધ | ૫૦૦ મિલી | ૨૨ | ૨૩ |
| અમૂલ તાજા | ૨૦૦ મિલી | ૯ | કોઈ ફેરફાર નહી |
| | ૫૦૦ મિલી | ૨૧ | ૨૨ |
| | ૧ લીટર | ૪૧ | ૪૩ |
| અમૂલ ચ્હા મઝા | ૫૦૦ મિલી | ૨૧ | ૨૨ |
| | ૧લીટર | ૪૨ | ૪૪ |
| અમૂલ સ્લિમ એન ટ્રિમ | ૨૦૦ મિલી | ૮ | કોઈ ફેરફાર નહી |
| | ૨૫૦ મિલી | ૧૦ | કોઈ ફેરફાર નહી |
| | ૫૦૦ મિલી | ૧૮ | ૧૯ |

# ગાંધીનગર એસ.ટી. ડેપોને રાણીપની જેમ અદ્યતન બનાવાશે

**ડેપો સંકુલમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં મુસાફરોને પીવાનુ પાણી પણ મળતુ નથી : રોજબરોજ ખિસ્સા કપાય છે : સફાઇના અભાવે ગંદકીના ઢગ ખડકાય છે**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોને લગતી સુવિધાઓના નામે મીંડુ છે. પીક પોકેટીંગનો ભોગ બનતા મુસાફરો ડગલે ને પગલે દુવિધાઓ વેઠી રહ્યા છે. પાટનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં મુલાકાતીઓની વિશેષ અવરજવર રહે છે. આમછતા સુવિધા અને સલામતીના અભાવ વચ્ચે ડેપો સંકુલ ગઠીયાઓનો અડ્ડો બની ગયુ છે. જયારે લાંબા સમયના એસ ટી ડેપાને રાણીપની જેમ અદ્યતન બનાવવા માટે સક્રીય વિચારણા હાથ ધરવામાં આવી છે. આગામી વર્ષ ૨૦૨૦-૨૧માં આ અન્વયે કામગીરી પણ શરૂ કરી દેવાશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં દાયકાઓના અંતે પણ મુસાફરલક્ષી સુવિધાઓ ઉભી કરી શકાઈ નથી. ડેપો સંકુલમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં મુસાફરોને પીવાનુ ઠંડુ પાણી પણ મળતુ ન હોવાનો કકળાટ ઉઠવા પામે છે. મુસાફરોને ડેપો સંકુલમાં પીવાનુ પાણી પણ નસીબ ન થતુ હોવાનો રોષ પ્રબળ બને છે. જયારે ડેપોમાં આવતા મુસાફરોના ખિસ્સા પણ વારંવાર કપાય છે. પીક પોકેટીંગ મોબાઈલની ઉઠાંતરી સહીત ચેઈન સ્નેચીંગના બનાવોના લીધે ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી સામે ખતરો મંડરાયો છે. મુસાફરો રોજબરોજ પીક પોકેટીંગનો ભોગ બની રહ્યા છે. આમછતા ડેપો સંકુલમાં સલામતીના નામે મીંડુ છે. રાજયના પાટનગરમાં હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં જ મુસાફરો સલામત નથી. ગાંધીનગરમાં અનેકવિધ સરકારી કચેરીઓ સ્થિત હોવાથી વિવિધ શહેરોમાંથી નગરમાં મોટી સંખ્યામાં મુલાકાતીઓની અવરજવર જોવા મળે છે. જયારે બહારગામથી આવતા મુસાફરોને યોગ્ય બસ સેવા મળી રહે તે માટે વિવિધ રૂટની નવી બસો પણ શરૂ કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને સોમનાથ , ભુજ , દિવ અને સુરત સહીતના રૂટમાં એસી સ્લીપર અને વોલ્વો બસ સેવાનો લાભ પણ મુસાફરોને મળે છે. પરંતુ નગરના હાર્દસમા વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજયની વધુ એક સ્પર્ધાત્મક પરીક્ષા રદ

**ઉર્જા વિભાગની સત્તાવાર જાહેરાત : વિદ્યુત સહાયકની પરીક્ષા રદ : કારણ આપ્યા વગર જ માત્ર એક મેસેજ આપીને ભરતી રદ કરવામાં આવતા ઉમેદવારોમાં અનેક તર્કવિતર્ક**

ગાંધીનગર, તા.૧૪

સરકારી નોકરી માટે યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સરકારી નોકરીઓમાં થતી ભરતીઓ મામલે રાજયમાં ઘણા સમયથી વિવાદ થઈ રહ્યા છે ત્યારે વધુ એક પરીક્ષા રદ થતાં ઉમેદવારો મુંઝવણ માં મુકાઈ ગયા છે. હજુ તો રાજ્યમાં ગૌણ સેવાની ભરતી પરીક્ષાના પેપર લિકને કારણે મોટી સમસ્યા ઉભી થઈ છે એ શાંત થઈ નથી ત્યાં ફરીથી એકવાર આવી સ્થિતિ ઉભી થઈ છે. PGVCI, DGVCI, MGVCL માટે ૧૫૦એન્જિનિયરો અને ૭૦૦થી વધુ કલાર્કની લેવાનાર પરીક્ષા રદ કરવામાં આવી છે. આ પરીક્ષા રદ કરવા માટેનું કારણ આપ્યા વગર જ માત્ર એક મેસેજ આપીને ભરતી

● અનુસંધાન પાન-૭ પર


બેસણું



અમારા પરમ પૂજનીય

**સ્વ.દિલીપકુમાર કાંતિલાલ ત્રિવેદીનું**

તા. ૯-૧૨-૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્ગતનું બેસણું તા.૧૬-૧૨-૨૦૧૯, સોમવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ હોલ, સેક્ટર-૭સી, ગાંધીનગર. મો.૯૯૨૪૪૨૩૬૮૨

લિ.

અશોકકુમાર કાંતિલાલ ત્રિવેદી
રવિ અશોકકુમાર ત્રિવેદી
વિશાલ દિલીપકુમાર ત્રિવેદી
મિહિર દિલીપકુમાર ત્રિવેદી

સ્વ. કાંતિલાલ સીતારામ ત્રિવેદી સમસ્ત પરિવાર



બેસણું



મારા ધર્મપત્ની **સાધના રણજીતસિંગ ચૌહાણ** તથા વિજયાબેન્કના નિવૃત્ત અધિકારીશ્રી ચંદ્રપાલસિંઘ ગજાધરસિંગ ક્ષત્રિયના સુપુત્રીનું તા.૧૩-૧૨-૧૯ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૬-૧૨-૧૯ને સોમવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : દ્વારકેશ રેસીડેન્સી, ગોકુલપુરાની પાછળ, વાવોલ, જી.ગાંધીનગર. મો. ૯૯૨૫૦૪૧૦૨૬,૯૧૭૩૨૮૪૦૫૧

લી.

રણજીતસિંગ પ્રકાશસિંગ ચૌહાણ (પતિ)
ગં.સ્વ.લક્ષ્મીબેન પ્રકાશસિંગ ચૌહાણ (સાસુ)
ચંદ્રપાલસિંઘ ગજાધરસિંઘ ક્ષત્રિય (પિતા)
તારાબેન ચંદ્રપાલસિંઘ ક્ષત્રિય (માતા)
સંદીપસિંઘ ચંદ્રપાલસિંઘ ક્ષત્રિય (ભાઈ)



**તાત્કાલિક જોઈએ છે**

પ્રતિષ્ઠિત સંસ્થામાં ગર્લ્સ હોસ્ટેલ માટે ગૃહમાતા

લાયકાત : ગ્રેજ્યુએટ હોવા જોઈએ

ઉંમર : ૩૫-૫૦ વર્ષ ● ૨૪ કલાક રહી શકે તેવા.

આપનો બાયોડેટા નીચેના ઈમેલ આઈડી પર મોકલવા વિનંતી

Email ID : vaghjd@gmail.com

Mo. 98240 86888



સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.

હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)



જુના દાગીનાનું પુરૂ વળતર

N. C. Zaveri (શેરથાવાળા)

GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.

૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯

શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)

૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.






મોતિયા વિશે વધુ જાણકારી માટે કેમ્પ

: તારીખ :

૧૬/૧૨ (સોમવાર) થી ૨૧/૧૨ (શનિવાર)

: સમય :

૫:૦૦ થી ૭:૦૦

હોસ્પિટલમાં સુવિધા જહોનસન એન જહોનસન કંપનીનું AMC COMPACT ફેકોમશીન




Key Features & Benefits

- Defocus tolerance - Proven performance with the advanced aberration-free optic[1,2]*
- Glistening-free performance - No glistenings reported in controlled clinical studies[2]
- Predictable outcomes - Excellent contrast sensitivity[1†] and outstanding visual quality[2]

enVista hydrophobic acrylic IOL

Cataracts? Get a fresh look again!

મોતિયાના ઓપરેશનની સાથે Bausch N Lombનો Envista Lens મુકાવાનો આગ્રહ રાખો

BAUSCH + LOMB

LILAVATI EYE HOSPITAL

પહેલો માળ, શ્રધ્ધાદિપ લેબોરેટરીની ઉપર, દેના બેંક પાસે, ઘ-૪ સર્કલ પાસે, સેક્ટર-૧૬, એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૦૯૫ ૧૨૮૭૩

*ઉપરના ફોટા પ્રતિકારત્મક છે



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN · ashirvad · Jaquar experience bathing · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ** સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com